**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

# Inviting e-Tendering Notice for Catering Service at Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

| | |
|---|---|
| Tender Fee : Rs. | : 1,500/- (D.D.) |
| E.M.D. : Rs. | : 30,000 /- (D.D.) |
| Estimated Cost Rs. | : 10,00,000/- ( Approximately) |
| Security Deposit Rs. | : 5% of tender Acceptance Amount. |

In favour of the **Registrar, Bhakta Kavi Narsinh Mehta University, Junagadh,** for the values as mention above as tender fee (non-refundable in any case)

**Tenders to be submitted at :**
**Registrar,**
**Bhakta Kavi Narsinh Mehta University,**
**Government Polytechnic Campus,**
**Bhakta Kavi Narsinh Mehta University Road,**
**Khadia,Junagadh - 362263**

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

Notice Inviting On-Line**Tender** Tender

**Details about Tender :**

| | | |
|---|---|---|
| **University Name :** | | **Bhakta kavi Narsinh Mehta University** |
| **IFB No. / Tender Notice No.** | | **16/2026** |
| **Name of Project** | | **Catering Service** |
| **Name of Work** | | **Catering Service** |
| **Estimated Contract Value(INR)** | | **Rs. 10,00,000/-** |
| **Period of Completion (in Months)** | | **12 MONTH** |
| **Mode of Tender** | | **Open** |
| **Tender Currency Type** | | **Single** |
| **Tender Currency Settings** | | **Indian Rupee (INR)** |
| **Consortium/Joint Venture** | | **Not Applicable** |
| **Rebate** | | **Not Applicable** |
| **Sector Category** | | **State Government & UT** |
| **Form of Contract** | | **Works** |
| **Product Category** | | **Miscellaneous** |
| **Bidding Type** | | **Open** |
| **AMOUNT DETAILS** | | |
| **Bid Document fee / Bid Processing Fees** | | **Rs.1500/- ( one thousand five hundred only)<br>( in Form of DD, Nationalized Bank)** |
| **Bidding Document Fee/ Processing fees Payable To** | | **Registrar, Bhakta Kavi Narsinh Mehta University Junagadh** |
| **Bid Security / EMD (INR)** | | **Rs.30,000.00<br>( Thirty thousand only) ( in Form of DD- Nationalized Bank)** |
| **Bid Security / EMD In Favor Of** | | **Registrar, Bhakta Kavi Narsinh Mehta University Junagadh** |
| **TENDER DATES** | | |
| **Bid Document Downloading Start Date** | | **Date : 08/07/2026** |
| **Bid Document Downloading End Date** | | **Date : 28/07/2026** |
| **Last Date & Time for Receipt (Submission) of Bids/Document (Hard Copy)** | | **Date : 31/07/2026** |
| **Bid Validity Period** | | **180 Days** |

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

| | | |
|---|---|---|
| **Submission of documents** | | **Tender Fee, EMD & all necessary other documents(Hardcopy) should be submitted to The Registrar, Bhakta Kavi Narsinh Mehta University on or before through REG.POST / SPEED POST, Courier Only.** |
| **Remarks** | | – —— |
| **Bid Opening Date** | | **Date : 01/08/2026** |
| **Other Details** | | |
| **Officer Inviting Bids** | | **Registrar, Bhakta Kavi Narsinh Mehta University Junagadh** |
| **Bid Opening Authority** | | **Registrar, Bhakta Kavi Narsinh Mehta University Junagadh** |
| **Address** | | **Registrar, Bhakta Kavi Narsinh Mehta University Junagadh., Government Polytechnic Campus, BKNMU Road, Khadiya, Junagadh-362263.** |
| **Contact Details** | | **0285-02681400** |

| એ | **ટેન્ડર આઈટમ વિગત** | | |
|---|---|---|---|
| ક્રમ | કામનું નામ | ઈ.એમ.ડી. | ટેન્ડર ફી |
| 1 | 2 | 3 | 4 |
| 1 | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે ભોજન કામગીરી અંતર્ગત | ૩૦,૦૦૦/- | ૧,૫૦૦/- |
| બી | **ઈ–ટેન્ડર માટેનું ફિક્સ શેડ્યુલ** | | |
| 1 | ટેન્ડર ડોક્યુમેન્ટ અપલોડ | ઓન લાઈન તા. ૦૮/૦૭/૨૦૨૬ | |
| 2 | સાઈટ વિઝીટ | ઓફીસ સમય દરમ્યાન | |
| 3 | ટેન્ડર સબમિશન ઓનલાઈન | તા. ૦૮/૦૭/૨૦૨૬ થી તા. ૨૮/૦૭/૨૦૨૬ સાંજના ૦૬:૦૦ કલાક સુધી | |
| ૪ | ઓફીસ સમય દરમ્યાન ટેન્ડર ફી/ઈ.એમ.ડી. અને ટેકનીકલ બીડ સબમીશન | (1) ટેન્ડર ફી (નોન –રીફંડેબલ) અને ઈ.એમ.ડી., ડીમાન્ડ ડ્રાફ્ટ મારફત મોકલવાની રહેશે તથા ટેકનીકલ બીડની સાથે સામેલ રાખી મોકલવાની રહેશે.<br>(2) ટેકનીકલ બીડ અને રીલેટેડ ટોક્યુમેન્ટ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભ.ક.ન.મ.યુ. રોડ, ખડીયા, જુનાગઢ–362263. ને તા. ૩૧/૦૭/૨૦૨૬ સાંજના ૦૬:૦૦ કલાક સુધી સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર્ડ એડી/કુરિયરથી મોકલી આપવાનું રહેશે. | |
| ૫ | ટેકનીકલ બીડ ખોલવાનો ટાઈમ (પ્રિ–ક્વોલીફિકેશન) | તા. ૦૧/૦૮/૨૦૨૬ | |
| ૬ | ઓનલાઈન પ્રાઈઝ બીડ ખોલવાનો ટાઈમ | ટેકનીકલ બીડ મંજુર થયા બાદ પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે. | |
| | કોઈપણ જાતના કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર માન્ય રાખવું કે ન રાખવું તેની સત્તા યુનિવર્સિટી પાસે અબાધિત રહેશે. | | |

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

## ટેન્ડરની સામન્ય શરતો:

1. એજન્સી www.tender.nprocure.com પરથી ઓનલાઈન ટેન્ડર ભરી શકશે.
2. સેવા પૂર્વ લાયકાત ફોર્મ ભરીને મોકલવાના કવર ઉપર કાર્યક્રમ અંતર્ગત ભોજન માટેનું ટેન્ડર એમ મોટા તથા સુવાચ્ય અક્ષર લખવાનું રહેશે.
3. ભરેલ પૂર્વ લાયકાત ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે નિયત સમય મર્યાદામાં સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત યુનિવર્સિટીને સીલબંધ કવરમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. નિયત તારીખ સમય બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી.
4. ટેન્ડર ભરનાર એજન્સીએ છેલ્લા 03 વર્ષનું વાર્ષિક સરેરાશ ટર્નઓવર રૂ.૫ લાખનું સીએ પ્રમાણિત સર્ટીફીકેટ જોડવાનું રહેશે.
5. પૂર્વ સેવા લાયકાતના ફોર્મ સાથે ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રૂ.1500/- અને ઈ.એમ.ડી.ના રૂ.30,000/- ના અલગ-અલગ ડી.ડી. મારફત ભરવાના રહેશે તથા ટેન્ડર પ્રિ બીડ (પૂર્વ સેવા લાયકાત ફોર્મ) સાથે સામેલ રાખવાના રહેશે. સિક્યુરિટી ડીપોઝીટ ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે નહિ. ભાવ તમામ પ્રકારના કરવેરા જીએસટી તથા માલ મજુરી સહીત યુનિવર્સિટી કેમ્પસ, જુનાગઢ ખાતે કામગીરી કરવાના ભરવાના રહેશ.
6. ટેન્ડર મંજુર થયેથી સિક્યોરીટી ડીપોઝીટની રકમ ટેન્ડર એસ્ટીમેટ કોસ્ટના ૫% લેખે ભરવાની રહેશે.
7. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા ઈસ્યુ કરેલ ફુડ લાયસન્સ રજુ કરવાનું રહેશે. (સબલેટ/થર્ડ પાર્ટી માન્ય રહેશે નહિ.)
8. ટેન્ડરર આ કામગીરી અંગે કોઈ અન્ય વ્યક્તિને પેટા કોન્ટ્રાકટ આપી કામગીરી સોંપી શકશે નહી.
9. ટેન્ડર ભાવો માન્ય રહ્યેથી ભાવો એક વર્ષ સુધી માન્ય રહેશે, માન્ય રહેલ ભાવો પરસ્પર સહમતીથી વધુમાં વધુ 01(એક) વર્ષ સુધી લંબાવી શકાશે, વચગાળામાં કોઈ પણ ભાવ વધારો માન્ય રાખવામાં આવશે નહી.
10. પાર્ટીએ દરેક ભાવ G.S.T સાથેના ભરવાના રહેશે. G.S.T અલગથી ચુકવવામાં આવશે નહિ.
11. એજન્સી કોઈ નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ રેકોર્ડ પર નહિ, નો ઓર્ડર પેન્ડીંગ હોવાનું એકરારનામું રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર બીડ પ્રસિદ્ધ થયા પછીની તારીખનું રજુ કરવાનું રહેશે, અન્યથા ટેકનીકલ બીડ માન્ય રહેશે નહી.
12. ઈચ્છા ધરાવતી એજન્સીઓ સંબંધિત કચેરીની મુલાકાત લઈ શકશે.
13. પ્રથમ પૂર્વ સેવા લાયકાત અંગેનું સીલબંધ કવર ખોલતી વખતે એજન્સી/સંસ્થા ઈચ્છતી હોય તો સ્વખર્ચે હાજર રહી શકાશે. ઉપસ્થિત એજન્સીઓની હાજરીમાં ખોલવામાં આવશે અને કઈ કઈ એજન્સીઓ જરૂરી પૂર્વ સેવા લાયકાત ધરાવે છે તે નક્કી કરાશે. ત્યારબાદ જે એજન્સી જરૂરી પૂર્વ લાયકાત ધરાવતી હશે તેટલી જ એજન્સીનાં ભાવપત્રકો ઓનલાઈન ખોલવામાં આવશે. આ કામગીરી એક જ દીવસે અથવા અલગ-અલગ દિવસોએ કરી શકાશે.
14. ભરેલા ટેન્ડરો સ્વીકારવા/ ન સ્વીકારવાનો નિર્ણય ટેન્ડર સંબંધિત કોઈપણ વિસંગતતા અંગે શ્રી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહેશે.
15. રસોઈ સંસ્થા/ કોન્ટ્રાકટરે ભોજન પૂરું પાડવાના કામનો અનુભવ ધરાવતા હોય તો તેની વિગતો પ્રમાણપત્રો અલગથી ટેન્ડર સાથે સામેલ રાખવાની રહેશે તેમજ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.
16. ટેન્ડર ભાવ માન્ય રહ્યા બાદ ભાવ ભરનાર પેઢી/પાર્ટી કોઈપણ સંજોગોમાં ભાવો પાછા ખેંચી શકશે/બદલી શકશે નહિ.
17. ભાવ ભરનાર દ્વારા પીરસવા માટે રોકવામાં આવનાર સ્ટાફ માથામાં પ્લાસ્ટીક કેપ, હાથ મોજા, એક જ કલરના એપ્રોન અને શુઝ સાથે હોવા જોઈએ. રોકાયેલ સ્ટાફની સુરક્ષા તથા લેબર કાયદા હેઠળ કાયદાકીય જવાબદારી તેમજ ફરજ અને પૂર્તતાની જવાબદારી ભાવ ભરનાર પેઢી/પાર્ટીને રહેશે.

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

**કામગીરી અંગેની શરતો:**

1. ભોજન કામગીરી(કેટરિંગ સર્વિસ) માટે યુનિવર્સિટી દ્વારા ભોજન બનાવવા માટે જગ્યા તથા લાઈટની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે, તે સિવાયની તમામ આનુસંગિક વ્યવસ્થા જેમ કે રસોયા, ભોજન સમારંભ દરમ્યાન પીવાના શુધ્ધ મિનરલ ઠંડુ પાણીની વ્યવસ્થા, પીરસવા માટેનો ડ્રેસકોડ સહિતનો સ્ટાફ, રસોઈના વાસણ, પીરસવા માટેના ટેબલ, ટેબલ ક્લોથ, ટીસ્યુ પેપર વગેરેની વ્યવસ્થા ભાવ ભરનારે પોતાના ખર્ચે કરવાની રહેશે.
2. થાળી-વટકા-ચમચી-ગ્લાસ સ્વચ્છ અને સારી ક્વોલીટીના (મેલેમાઈન સેટ) વાપરવાના રહેશે.
3. ઓર્ડર મુજબનું મેનુ ભોજન સમયસર સૂચવ્યા મુજબના ટાઈમની 10 મિનીટ પહેલા કાઉન્ટર ઉપર પીરસવા માટેના પૂરતા સ્ટાફ સાથે ગોઠવવાના રહેશે.
4. ભોજન શરૂ થયા બાદ મેનુ મુજબની આઈટમોનો પુરતો સ્ટોક રાખવો, રોટલી, પૂરી કે ફરસાણ જેવી ગરમ આઈટમો માટે પુરતા કારીગરની વ્યવસ્થા કરવાની રહેશે, જેથી ગરમ વસ્તુ પીરસી શકાય તેમજ કોઈ પણ કાઉન્ટર ઉપર મેનુ મુજબની આઈટમ ખૂટે નહિ તે જોવાનું રહેશે.
5. છાશ ઠંડી, તાજી, મોળી, ઘાટી અને પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ.
6. ભોજન બાદની થાળી/એઠી ડીશ મુકવા માટેની જરૂરી વ્યવસ્થા તેમજ સર્વિંગ બાઉલ વગેરેની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે, બાઉલ ભરાઈ જાય તો તુરત જ હટાવી લઈ ખાલી બાઉલ મુકવાના રહેશે. ડીશ અસ્તવ્યસ્ત મુકાય નહિ તેની કાળજી રાખવાની રહેશે.
7. કામકાજ દરમ્યાન એજન્સી દ્વારા રોકાયેલા સ્ટાફનું અવાજનું સ્તર લઘુતમ રહે તે જોવાનું રહેશે.
8. રસોઈ/પીરસવાની કામગીરીમાં રોકવામાં આવેલ સ્ટાફ સ્વચ્છ ડ્રેસકોડમાં હોવા આવશ્યક છે તથા રોકાયેલ સ્ટાફ દ્વારા બીડી, પાન-મસાલા, ગુટકા કે અન્ય નશાકીય સામગ્રીનો ઉપયોગ યુનિવર્સિટી કેમ્પસમાં નિષેધ રહેશે તેમજ કોઈપણ સ્ટાફ આ સૂચનાનું ઉલ્લંઘન કરશે તો યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવે તે દંડ ભરવાનો રહેશે.
9. ભાવ ભરનાર દ્વારા કે તેઓના સ્ટાફ દ્વારા કામગીરી દરમ્યાન યુનિવર્સિટીની માલ-મિલકતને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
10. ભોજન કામગીરી(કેટરિંગ સર્વિસ) બાદ વણ વપરાયેલ ભોજન કે એકઠો થયેલો એઠવાડનો નાશ/નિકાલ યુનિવર્સિટી કેમ્પસમાં કે કેમ્પ્સ આસ-પાસ કરવાનો રહેશે નહિ, તે જોવાની જવાબદારી ભાવ ભરનારની રહેશે.
11. રસોઈ/ ખાધ વસ્તુઓ બનાવવા માટે રાંધણ ગેસનો ઉપયોગ કરવાનો રહેશે.
12. ભોજન કામગીરી(કેટરિંગ સર્વિસ) પૂર્ણ થયે ઓર્ડર મુજબની સંખ્યા પ્રમાણેનું પાકું બીલ કુલસચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢના નામનું ૨(બે) નકલમાં રજૂ કરવાનું રહેશે. કોઈ પણ પ્રકારની એડવાન્સ રકમ આપવામાં આવશે નહિ. બીલ ચુકવણામાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ કર કપાત કરવામાં આવશે.
13. રસોઈ બનાવવા માટે ઉત્તમ ગુણવતાવાળું અનાજ, કરીયાણું, મરી મસાલા, સિંગતેલ, કઠોળ વિગેરે વાપરવાના રહેશે અને અનાજ, મરી મસાલા, સિંગતેલનો પુરતો સ્ટોક સ્થળ પર રાખવાનો રહેશે.
14. ભોજન અંગે યુનિવર્સિટીનાં અધિકૃત અધિકારી/કર્મચારી હાજરી આપશે, ખોરાક ચાખી શકાશે તે બાબતે વાંધો કે તકરાર ચાલી શકશે નહિ તેમજ ખાધસામગ્રી/ ભોજન યોગ્ય ગુણવત્તાવાળુ ન હોય તેવું માલુમ પડશે તો યુનિવર્સિટી અધિકારી ચકાસણી કાર્યથી અયોગ્ય માલુમ પડે અથવા પાર્ટી/કોન્ટ્રાક્ટર દ્વારા બનાવેલા ભોજન/ખાદ્યપદાર્થ આરોગવાથી ફુડપોઈઝનીંગ થવાથી બીમાર પડશે તો પાર્ટી/કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરી કરાર રદ્દ કરવામાં આવશે.
15. નાસ્તો/ભોજન-કામગીરી શરૂ થતા પહેલા તથા પછી ભોજન સ્થળ તથા રસોઈ સ્થળની સંપૂર્ણ સફાઈ કરવાની જવબદારી

ભાવ ભરનાર પાર્ટી/પેઢીની રહેશે. ભોજન-રસોઈ સ્થળે સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ રાખવાનું રહેશે. યુનિવર્સિટી દ્વારા નિરીક્ષણ કરતા ગંદકી/અસ્વચ્છતા જણાશે તો દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

16. સંસ્થા/કોન્ટ્રાક્ટરે અનુભવી હોય તેવા કારીગરો/રસોઈયાઓ રસોઈ બનાવવા માટે રાખવાના રહેશે.

**17. ૩૦ કે તેનાથી વધુ વ્યકિતઓ માટેની ભોજન વ્યવસ્થા યુનિવર્સિટીના અધિકારીશ્રી/ઓથોરીટી દ્વારા સૂચવ્યા મુજબ અને કહેવામાં આવે તે સ્થળ પર એજન્સી દ્વારા કરવાની રહેશે.**

18. રોટલી/પુરી/ભાખરીનો લોટ મોણ આપીને બાંધવાનો રહેશે તેમજ રોટલી/ભાખરી/રોટલા ઉપર સહકારી ડેરીનું સારી ક્વોલીટીનું શુધ્ધ ઘી લગાવવાનું રહેશે.

19. શાકભાજીમાં સિંગતેલનો વઘાર તેમજ મરી મસાલા, ધાણાભાજી અને ટામેટાનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાનો રહેશે.

20. તમામ પ્રકારના ભોજન અને નાસ્તાની વ્યવસ્થા સાથે શુધ્ધ આર.ઓ.વાળુ પાણી પુરુ પાડવાનું રહેશે, પાણીનું અલગથી બીલ ચુકવવામાં આવશે નહિ.

21. ભોજન દરમ્યાન સલાડ-કઠોળ-શાક-મીઠાઈ વગેરે યુનિવર્સિટીના અધિકારીશ્રી સૂચવે તે બનાવવાના રહેશે. ભોજન મેનુમાં યુનિવર્સિટી સૂચવે તે તથા નીચે મુજબની વસ્તુઓ/શાકભાજીનો સમાવેશ કરવાનો રહેશે.
વસ્તુઓ/શાકભાજી:
   i. **ગુજરાતી શાક:** ઊંધીયું, કાજુ-કારેલા, ભરેલા રીંગણા, રીંગણા-બટેટા, ભરેલા ભીંડા, રીંગણાનો ઓળો, સેવ ટમેટા, દમઆલું, વટાણા-બટેટા, તમામ લીલા શાકભાજી તેમજ યુનિવર્સિટી સૂચવે તે મુજબનું.
   ii. **પંજાબી શાક:** મીક્સ વેજીટેબલ,પનીર ટીકા, મટર પનીર,કાજુ બટર મસાલા, વેજ હાંડી, શાહી પનીર, પનીર કોફતા, વેજ કોલ્હાપુરી, વેજ તુફાની, નવરત્ન કોરમા, પનીર અંગારા તેમજ યુનિવર્સિટી સૂચવે તે મુજબનું
   iii. મિઠાઈ (સ્વિટ): યુનિવર્સિટી સૂચવે તે મુજબનું
   iv. ફરસાણ: યુનિવર્સિટી સૂચવે તે મુજબનું
   v. કઠોળ: યુનિવર્સિટી સૂચવે તે મુજબનું
   vi. કચુંબર: યુનિવર્સિટી સૂચવે તે મુજબનું

22. નાસ્તા માટે નીચે દર્શાવેલ નાસ્તા મેનુ પૈકી યુનિવર્સિટીના અધિકારીશ્રી સૂચવે તે મુજબ આપવાનો રહેશે.
(૧) છોલે,ભટુરે/પૂરી (૨) ગાંઠીયા-જલેબી, સંભારો,મરચા (૩) બટાટા પૌવા (૪) દાળ પકવાન (૫) સેન્ડવીચ (ચટણી સાથે) (૬) સેવ ખમણી (ચટણી સાથે) (૭) ઈડલી-સાંભાર (ચટણી સાથે) (૮) સમોસા (ચટણી સાથે) (૯) બિસ્કીટ/ ખાખરા, કુકીઝ (કંપનીના ભાવ + સર્વિસ ચાર્જ મુજબ) (૧૦) સ્ટીમ ઢોકળા (ચટણી સાથે) (૧૧) બ્રેડ બટર,જામ (૧૨) થેપલા-સુકીભાજી, અથાણાં, દહીં (૧૩) મિક્ષ ભજીયા(ચટણી સાથે), છાસ (૧૪) પાવ-ભાજી, પાપડ, સલાડ, છાસ (૧૫) ફ્રુટ ડીસ (સીઝનલ) ૨૦૦ ગ્રામ (૧૬) ઉપમા (૧૭) ચા, કોફી
કોઈ પણ તકરાર બાબતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢનો નિર્ણય આખરી રહેશે.

23. આ કામના હુકમ/કરાર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની પ્રશ્ન ઉદભવે તો તે અંગેની બાબત જુનાગઢ જીલ્લા કાર્યક્ષેત્ર હેઠળ નિકાલ કરી શકાશે.

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

# પરિશિષ્ટ-1

## (નીચે માંગ્યા મુજબના આધારો ઓનલાઈન તેમજ ઓફલાઈન રજુ કરવાના રહેશે)

**ટેક્નીકલ બીડ:**

ભોજન કામગીરી(કેટરિંગ સર્વિસ) માટેનું સેવા પૂર્વ લાયકાત ફોર્મ

(અ) પ્રાથમીક માહિતી:-

1 પાર્ટી/એજન્સીનું નામ : ..........................................................................

2 મુખ્ય વ્યક્તિનું નામ તથા હોદ્દો: ..........................................................................

3 પાર્ટી/એજન્સીનું પૂરું સરનામું: ..........................................................................

4 ફોન/મો. નં.................................... ઈમેઈલ: ..............................................

(બ) પાર્ટીની નોંધણીની વિગત (ટેન્ડર સ્વીકૃતી માટે ધ્યાને લેવાશે)

| ક્રમ | નોંધણીની વિગત | નોંધણી નં. | નોંધણી અવધી | **Enclosed Yes / No** |
|---|---|---|---|---|
| 1 | શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ રજીસ્ટ્રેશન | | | |
| 2 | ફુડ ઈન્સપેક્ટરના લાયસન્સ | | | |
| 3 | PAN નંબર | | | |
| 4 | જી.એસ.ટી. નંબર | | | |
| 5 | અન્ય નોંધણી | | | |
| 8 | છેલ્લા ત્રણ વર્ષનાં સરેરાશ ટર્ન ઓવરની વિગતો લઘુતમ રૂ.૫,૦૦,૦૦૦/- હોવી જરૂરી છે (ટર્ન ઓવર CA પ્રમાણિત હોવું ફરજીયાત છે.) તેમજ તે સબબના ઈન્કમટેક્સ રીટર્નના આધારો સાથે રજુ કરવાના રહેશે. | | | |
| | (અ) વર્ષ 2023-24 | | | |
| | (બ) વર્ષ 2024-25 | | | |
| | (ક) વર્ષ 2025-26 | | | |
| 9 | નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી/પોલીસ/કોર્ટ રેકર્ડ પર કેસ નથી/નો ઓર્ડર પેન્ડીંગ અન્વયે તેનું બાહેંધરી પત્ર રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર બીડ પ્રસિદ્ધ થયા પછીની તારીખનું જોડેલ છે (હા/ના) | | | |

નોંધ:- ઉક્ત વિગતોની ફોટો નકલ/સંદર્ભ પત્ર/સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચૂક રજુ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહિ.

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

## પરિશિષ્ટ – 02

ફાઈનાન્સીયલ બીડ:

| | | પ્રતિ એક ડીસના ભોજનના ભાવ | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભોજન મેનુ –૦૧ (VVIP મેનુ) સાથે, સૂપ/સ્ટાર્ટર તથા આઈસક્રીમ/ જ્યુસ યુનિવર્સિટીની સુચના મુજબ | ૨ (બે) મીઠાઈ અને ૨(બે) ફરસાણ તથા ચટણી **(શ્રીખંડ, અંગુર રબડી/રબડી/ લાડુ/ગુલાબ જાંબુ/ મગનો શીરો/ અડદિયા/ લાઈવ મોહન થાળ/ બરફી/ સીઝનલ મીઠાઈ અથવા સમકક્ષ મીઠાઈ યુનિવર્સિટીની સુચના મુજબ)** | કુલકા રોટલી /તાંદુરી રોટી /પુરી /પરોઠા / નાન / બાજરાના રોટલા/ભાખરી **(યુનિવર્સિટીની સુચના મુજબ)** | **બે શાક**<br>• લીલોતરી/કઠોળ<br>• પંજાબી શાક | • દાળ–ભાત<br>• કઢી ખીચડી<br>• દાલફ્રાય–જીરા રાઈસ<br>**( કોઈ પણ એક યુનિવર્સિટીની સુચના મુજબ)** | છાસ, પાણી, મુખવાસ પાપડ, ગ્રીન સલાડ, ફ્રાંઈમ્સ, અથાણું, દહીં, ઘી–ગોળ, માખ **( કોઈ પણ પાંચ યુનિવર્સિટીની સુચના મુજબ)** |
| ૨. | ભોજન મેનુ –૦૨ | ૨ (બે) મીઠાઈ અને ૨(બે) ફરસાણ તથા ચટણી **(શ્રીખંડ, અંગુર રબડી/રબડી/ લાડુ/ગુલાબ જાંબુ/ મગનો શીરો/ અડદિયા/ લાઈવ મોહન થાળ/ બરફી/ સીઝનલ મીઠાઈ અથવા સમકક્ષ મીઠાઈ યુનિવર્સિટીની સુચના મુજબ)** | કુલકા રોટલી /તાંદુરી રોટી /પુરી /પરોઠા / નાન / બાજરાના રોટલા/ભાખરી **(યુનિવર્સિટીની સુચના મુજબ)** | **બે શાક**<br>• લીલોતરી/કઠોળ<br>• પંજાબી શાક | • દાળ–ભાત<br>• કઢી ખીચડી<br>• દાલફ્રાય–જીરા રાઈસ<br>**( કોઈ પણ એક યુનિવર્સિટીની સુચના મુજબ)** | છાસ, પાણી, મુખવાસ પાપડ, ગ્રીન સલાડ, ફ્રાંઈમ્સ, અથાણું, દહીં, ઘી–ગોળ, માખ **( કોઈ પણ પાંચ યુનિવર્સિટીની સુચના મુજબ)** |
| ૩. | ભોજન મેનુ –૦૩ | ૧ (એક) મીઠાઈ અને ૧(એક) ફરસાણ તથા ચટણી **(શ્રીખંડ, અંગુર રબડી/રબડી/ લાડુ/ગુલાબ જાંબુ/ મગનો શીરો/ અડદિયા/ લાઈવ મોહન થાળ/ બરફી/ સીઝનલ મીઠાઈ અથવા સમકક્ષ મીઠાઈ યુનિવર્સિટીની સુચના મુજબ)** | કુલકા રોટલી /તાંદુરી રોટી /પુરી /પરોઠા / નાન / બાજરાના રોટલા/ભાખરી **(યુનિવર્સિટીની સુચના મુજબ)** | **બે શાક**<br>• લીલોતરી/કઠોળ<br>• પંજાબી શાક | • દાળ–ભાત<br>• કઢી ખીચડી<br>• દાલફ્રાય–જીરા રાઈસ<br>**( કોઈ પણ એક યુનિવર્સિટીની સુચના મુજબ)** | છાસ, પાણી, મુખવાસ પાપડ, ગ્રીન સલાડ, ફ્રાંઈમ્સ, અથાણું, દહીં, ઘી–ગોળ, માખ **( કોઈ પણ પાંચ યુનિવર્સિટીની સુચના મુજબ)** |
| ૪. | ભોજન મેનુ –૦૪ | – | કુલકા રોટલી/ /પુરી/પરોઠા/ બાજરાના રોટલા/ ભાખરી **(યુનિવર્સિટીની સુચના મુજબ)** | **બે શાક**<br>• લીલોતરી<br>• કઠોળ | • દાળ–ભાત<br>• કઢી ખીચડી<br>**( કોઈ પણ એક યુનિવર્સિટીની સુચના મુજબ)** | છાસ, પાણી, મુખવાસ પાપડ, ગ્રીન સલાડ, ફ્રાંઈમ્સ, અથાણું, દહીં, ઘી–ગોળ, માખ **( કોઈ પણ પાંચ યુનિવર્સિટીની સુચના મુજબ)** |
| ૫. | ભોજન મેનુ –૦૫ | – | કુલકા રોટલી/ /પુરી/ભાખરી **(યુનિવર્સિટીની સુચના મુજબ)** | **એક શાક** – લીલોતરી | - | છાસ, પાણી, પાપડ, ગ્રીન સલાડ, ફ્રાંઈમ્સ અથાણું |

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || store@bknmu.edu.in

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬. | ભોજન મેનુ –૦૬ | ગુલાબજાંબુ | ચાપડી | ઊંધિયું | – | છાસ, પાણી, પાપડ, ગ્રીન સલાડ, ફ્રાઇમ્સ |
| ૭. | ભોજન મેનુ –૦૭ | સાઉથ ઇન્ડિયન | ઢોસા/ઉત્તપમ/મેંદુવડા | સંભાર, ચટણી | | છાસ, પાણી |

**પ્રતિ એક ડીસના નાસ્તાના ભાવ**

| | | |
|---|---|---|
| ૧. | નાસ્તા મેનુ –૦૧ | ચા (એક કપ– 125 મી.લી. ) |
| ૨. | નાસ્તા મેનુ –૦૨ | કોફી (એક કપ– 125 મી.લી.) |
| ૩. | નાસ્તા મેનુ –૦૩ | બટાટા પૌવા |
| ૪. | નાસ્તા મેનુ –૦૪ | સમોસા (૨ નંગ) (ચટણી સાથે) |
| ૫. | નાસ્તા મેનુ –૦૫ | ઈડલી સાંભાર (ચટણી સાથે) |
| ૬. | નાસ્તા મેનુ –૦૬ | સેવ ખમણી (ચટણી સાથે) |
| ૭. | નાસ્તા મેનુ –૦૭ | ગાંઠીયા,જલેબી, સંભારો,મરચા |
| ૮. | નાસ્તા મેનુ –૦૮ | બ્રેડ બટર જામ |
| ૯. | નાસ્તા મેનુ –૦૯ | થેપલા, સુકીભાજી, અથાણાં, દહીં સાથે |
| ૧૦. | નાસ્તા મેનુ –૧૦ | મિક્ષ ભજીયા, ચટણી, છાસ સાથે |
| ૧૧. | નાસ્તા મેનુ –૧૧ | પાંવભાજી, પાપડ,સલાડ,છાસ |
| ૧૨. | નાસ્તા મેનુ –૧૨ | બિસ્કીટ/ ખાખરા, કુકીઝ (કંપનીના ભાવ + સર્વિસ ચાર્જ મુજબ) |
| ૧૩. | નાસ્તા મેનુ –૧૩ | ફ્રુટ ડીસ (સીઝનલ) ૨૦૦ ગ્રામ (યુનિવર્સિટી દ્વારા સૂચવ્યા મુજબનું) |
| ૧૪. | નાસ્તા મેનુ –૧૪ | ઉપમા |
| ૧૫. | નાસ્તા મેનુ –૧૫ | છોલે ભટુરે/પૂરી, છાસ |
| ૧૬ | નાસ્તા મેનુ –૧૬ | દાળ–પકવાન, સંભારો |
| ૧૭ | નાસ્તા મેનુ –૧૭ | સ્ટીમ ઢોકળા (ચટણી સાથે) |
| ૧૮ | નાસ્તા મેનુ –૧૮ | સેન્ડવિચ –આલું મટર/વેજીટેબલ (ચટણી સાથે) |